# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/715 તા.૨૨/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

આ સાથે સામેલ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નંબર અજાક/મ-૪/જા.પ્ર.જ.૧૧/૨૦૨૪/૬૮૪૨ તા.૨૮/૧૧/૨૦૨૪ અન્વયે "હરીજન"/ "ચમાર"/ "ભંગી"શબ્દના સ્થાને તેના પર્યાય શબ્દનો ઉપયોગ કરવા તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

નં.અજાક/મ-૪/જા.પ્ર.જ.૧૧/૨૦૨૪/૬૮૭૨
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં.૦૭૯ ૨૩૨ ૫૪૧૭૯,
તા.૨૮/૧૧/૨૦૨૪.

પ્રતિ,
(૧) કલેકટરશ્રી,........... , જિ. .......... (તમામ)
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,..........., જિ. .......... (તમામ)
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ........... , જિ. સુરત... (તમામ)
(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ........... , જિ. ..........(તમામ)

**વિષય :- "હરીજન"/ "ચમાર" / "ભંગી" શબ્દના સ્થાને તેના પર્યાય શબ્દનો ઉપયોગ કરવા બાબત.**

**સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના તા.૧૮/૦૯/૨૦૧૦ના પત્ર ક્રમાંક- અજાક/મ/૫/૨૦૨૦/૮૭૫૪ થી ૮૮૮૪.**
**(૨) અત્રેની કચેરીના તા.૧૬/૦૫/૨૦૨૨ના પત્ર ક્રમાંક- અજાક/મ-૪/જા.પ્ર.જનરલ-૭/૨૦૨૨/૪૭૫૯ થી ૪૯૦૨.**

ઉપર્યુકત વિષય તથા સંદર્ભદર્શિત પત્રોથી "હરીજન"/ "ચમાર" / "ભંગી" શબ્દના સ્થાને તેના પર્યાય શબ્દોનો ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલ છે પરંતુ સદર સૂચનાની અમલવારી ન થતી હોવા અંગેની રજૂઆતો અત્રે મળેલ છે. તો સૂચનાઓની અમલવારી સત્વરે થાય તે માટે નિયમોનુસારની ઘટતી કાર્યવાહી સત્વરે કરવા આપની કક્ષાએથી આપના નિયંત્રણ હેઠળના સંબંધિત તમામ સક્ષમ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપશો.

(૧) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨/૧૨/૧૯૯૯ના પરિપત્ર ક્રમાંક--એસસીડબલ્યુ/૧૦૯૦/૧૪૬૯/હ થી અનુસૂચિત જાતિના લોકો માટે "હરીજન" તથા અનુસૂચિત જનજાતિના લોકો માટે "ગિરિજન" જેવા શબ્દોનો ઉપયોગ નહીં કરવા બાબતની સૂચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે.(નકલ સામેલ છે)

(૨) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૮/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક-અજસ/૧૦૯૩/મુ.મ.૬૦/હ થી અનુસૂચિત જાતિના સંબંધિત ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્ર અગર તો રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં "ભંગી" શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ સંબંધિત ઇસમોની માંગણી મુજબ અનુસૂચિત જાતિ "વાલ્મિકી" અગરતો અનુસૂચિત જાતિ "રૂખી" શબ્દ પ્રયોજના બાબતની સૂચનાઓ આપવામાં આવેલ છે. (નકલ સામેલ છે)

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
૩૨૦
તારીખ :- ૩/૧૨
૨૦૧

E:\D drive\2024\11-2024\Ambedkar General.docx

(૩) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૧૦/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક- અહલ/૧૨૨૦૧૬/૪૫૦૯૫૬/હ થી "ચમાર" શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ "રોહિત"શબ્દ પ્રયોજવા બાબતની સૂચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે).

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ :-**

શ્રી ગૌતમભાઇ બુચીયા
મુ- જી.ઇ.બી કોલોની, ભુજ-કચ્છ-૩૭૦૦૦૧.
૨/- આપના તા.૧૮/૧૧/૨૦૨૪ના ઇ-મેઇલ અન્વયે જાણ સારૂ.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :-**

(૧) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, (તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) (તમામ)